# નરેન્દ્ર મોદીનો રાષ્ટ્રીય રાજનીતિમાં ધમાકેદાર પ્રવેશ

પણજી,તા. ૯

દેશભરના તમામ લોકો તથા ભાજપના કાર્યકર્તાઓની જેની રાહ જોઈ રહ્યા હતા તેવા મહત્વપૂર્ણ જાહેરાત રવિવારના રોજ ભાજપ તરફથી ગોવામાં યોજાયેલ બે દિવસની કારોબારીની બેઠકમાં કરાઈ હતી. આ બેઠકમાં ભાજપના અધ્યક્ષ રાજનાથસિંહે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ૨૦૧૪ના લોકસભા ચૂંટણીના પ્રચાર સમિતિના અધ્યક્ષ પદ તરીકે નિમણૂંક કરી હતી. ભાજપના અધ્યક્ષ રાજનાથસિંહે પાર્ટીના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી અને બીજા અનેક નેતાઓના ગેરહાજરી વચ્ચે આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો.

નરેન્દ્ર મોદીને આ પદ અપાયા બાદ પક્ષમાં એવું માનવામાં આવી રહ્યુ છે કે અડવાણીનું ભાવિ ખતરામાં પડી ગયુ છે. ભાજપ હવે મોદીના નેતૃત્વને લઈને આગળના મહત્વના નિર્ણય લેશે. અડવાણીની ગેરહાજરીમાં તેમની ઉપેક્ષા કરવામાં આવી હોવાનું પક્ષમાં વર્તાઈ રહ્યુ છે. કાલ સુધી મોદીની ટિકા કરનાર હવે મોદીના ગુણગાન ગાવા લાગ્યા છે. ભાજપના અધ્યક્ષ રાજનાથસિંહે સત્તાવારરીતે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતુ કે હું મહત્વનો નિર્ણય જણાવવા માંગુ છું. ભાજપ આગામીલોકસભાની ચૂંટણીમાં મોટા પડકારને લઈને ચાલી રહી છે. પક્ષ જીતનો સંકલ્પ લઈને આગળ વધી રહી છે. ચૂંટણીના અભિયાનને ધ્યાનમાં લઈને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને પ્રચાર સમિતિના અધ્યક્ષપદ તરીકે નિયુક્ત કરાયા છે. આ નિર્ણય તમામ નેતાઓની સહમતીથી લેવામાં આવ્યો છે. રાજનાથસિંહે જ્યારે પોતાના ભાષણમાં આ જાહેરાત કરી ત્યારે તેમની સાથે વરિષ્ઠનેતા સુષ્મા સ્વરાજ, અનંતકુમાર હાજર હતા કે



જેઓ અડવાણીના નજીકના માનવામાં આવે છે. પરંતુ રાજકીય નિષ્ણાંતોનું કહેવું છે કે નરેન્દ્ર મોદી અંગે લેવાયેલો આ નિર્ણય તમામની સહમતિથી લેવાયેલો નથી. પરંતુ આરએસએસના દબાણ હેઠળ લેવાયો છે. આ પહેલા રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ભાજપના રાજકીય પ્રસ્તાવને પસાર કરાયો હતો. પાર્ટીના પૂર્વ અધ્યક્ષ નીતિન ગડકરીએ આ રાજકીય પ્રસ્તાવને રજુ કર્યો હતો. જેનું સમર્થન ગોવામાં મુખ્યમંત્રી મનોહર પારિકર અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ આપ્યુ હતુ. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યુ હતુ કે યુપીએના ચાર વર્ષના શાસનકાળ દેશમાં ખુબજ ખરાબ રહ્યુ છે. આ દરમિયાન આર્થિક કટોકટી જેવી ગંભીર બાબતો પણ જોવા મળી છે. આ પ્રસ્તાવમાં સોનિયા ગાંધી-મનમોહનસિંહના મોડલ પર પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા કે કોંગ્રેસનું શાસનકાળ સંપૂર્ણપણે નિષ્ફળ ગયુ છે. યુપીએમાં સત્તામાં બે કેન્દ્ર છે. બેંને કેન્દ્ર વચ્ચે ઘણા મતભેદ છે. પ્રસ્તાવ પર પોતાનો મત આપતા પારિકરે કહ્યુ હતુ કે યુપીએમાં સોનિયા કેબિનેટ જુદા અને મનમોહસિંહ કેબિનેટ જુદા છે. જ્યારે ભાજપના પ્રવક્તા શાહનવાઝ હુસૈને જણાવ્યું હતુ કે દેશ કોંગ્રેસના શાસનથી મુક્ત થવા માંગે છે અને હવે ભાજપ જ એક માત્ર વિકલ્પ છે.

## લોકલાગણીને માન આપીને જ નિર્ણય લેવાયો : રાજનાથસિંહ

પણજી,તા. ૯

ગોવામાં યોજાયેલી જાહેર સભામાં નરેન્દ્ર મોદીના ભાજપના ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ પદે નિમણૂંક થયા બાદ પક્ષના અધ્યક્ષ રાજનાથસિંહે સંબોધનમાં જણાવ્યું હતુ કે નરેન્દ્ર મોદીને આ જવાબદારી સોંપીને સુખદ અનુભૂતિ કરી રહ્યો છું. આ નિર્ણય લેવામાં મને કોઈ પણ પ્રકારની ખચકાટ અનુભવાઈ ન હતી. નરેન્દ્ર મોદી એક લોકપ્રિય નેતા છે અને તેમની લોકચાહના અને લોકોની માંગણીને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. આ સાથે જ કોંગ્રેસ પર પ્રહાર કરતા રાજનાથસિંહે જણાવ્યું હતુ કે કોંગ્રેસ ક્યાંસુધી લોકોને છેતરશે. આ સાથે જ તેમણે ચીન દ્વારા થયેલી ઘૂસણખોરીનો ઉલ્લેખ કરીને કહ્યુ હતુકે દેશના હિતમાં એક પણ પગલું સરકાર ઉઠાવી રહી નથી જેના કારણે જવાનોએ હમેશા બંદુક ઉઠાવીને ઉભા રહેવું પડે છે. આ સાથે જ તેમણે દેશના વડાપ્રધાન મનમોહનસિંહ પર પણ સવાલોનો વરસાદ વરસાવ્યો હતો કે જે વ્યક્તિ કોલસા કૌભાંડ જેવા ભ્રષ્ટાચારમાં સંડોવાયેલી હોય તે વ્યક્તિ શું દેશ ચલાવી શકશે. દેશને એવા નેતાની જરૂર છે જે ભ્રષ્ટાચારને દૂર કરે અને આ કાર્ય ફક્ત ભાજપનું શાસન જ કરી શકશે. આ પ્રસંગે ભાજપના વરિષ્ઠનેતા અરૂણ જેટલીએ કહ્યુ હતુ કે રાજનાથસિંહે ભાજપની રાજનીતિને એક નવી દિશા પૂરી પાડી છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે રાજનાથસિંહની નિર્ણય કરવાની ક્ષમતાનું આ ઉત્તમ પ્રદર્શન છે. નેતાઓમાં મુખ્યગુણ નેતૃત્વ હોવું જોઈએ અને તે રાજનાથસિંહમાં દેખાઈ રહ્યુ છે. આ સાથે જ તેમણે રાજનાથસિંહ અને નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. નરેન્દ્ર મોદીને પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવવાની ખુશી વ્યક્ત કરી હતી. તેમનું કહેવું છે કે કોંગ્રેસે દેશને ભ્રષ્ટાચારમાં ધકેલી દીધુ છે. આજે દેશ નેતૃત્વ વગરનું થઈ ગયુ છે. પ્રધાનમંત્રીને પદ તો મળ્યુ છે પરંતુ અધિકાર મળ્યો નથી જેના કારણે તેમણે રાજીનામુ આપી દેવું જોઈએ. આજે દેશ ભ્રષ્ટાચારની આગમાં ધકેલાઈ ગયો છે. કદાચ આ એક સરકાર છે જે સૌથી ભ્રષ્ટ સરકાર તરીકે ઉભરી આવી છે.

## પીએમનાં વિદેશ પ્રવાસ પાછળ ૬૪૨ કરોડ રૂપિયા ખર્ચાયાં

નવીદિલ્હી,તા.૯

છેલ્લા ૯ વર્ષોમાં વડાપ્રધાન મનમોહનસિંહે વિમાનમાં કરેલા વિદેશ પ્રવાસ પાછળ ૬૪૨ કરોડ રૂપિયાથી વધુ રકમનો ખર્ચ થયો છે. સૂચનાના અધિકાર કાનૂન હેઠળ આ માહિતીનો ખુલાસો વડાપ્રધાન કાર્યાલયે કર્યો છે.

ખુલાસા અનુસાર મનમોહનસિંહે ૨૦૦૪માં વડાપ્રધાન બન્યા હતા. તે સમયથી તેમણે ૬૭ પ્રવાસ કર્યા છે. જેના બિલ મળ્યા નથી. બાકીના ૬૨ પ્રવાસના બિલ મળ્યા છે. તેનાથી જાણવા મળે છે કે તેમના વિમાન પ્રવાસ પાછળ ૬૪૨.૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

કેન્દ્રિય સૂચના પંચે તાજેતરમાં આપેલા એક આદેશમાં મંત્રીમંડળ સચિવાલયને વ્યાપક જનહિતને ધ્યાનમાં રાખીને મંત્રીઓ અને અતિવિશિષ્ઠ વ્યકતિઓ (વીવીઆઈપી)ના પ્રવાસ પાછળ થયેલા ખર્ચની વિગતો જાહેર કરવા જણાવ્યું છે.

મુખ્ય સૂચના કમિશ્નર (સીઆઈસી) સત્યાનંદ મિશ્રાએ જણાવ્યું હતું કે અમે જોયુ છે કે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને



વડાપ્રદાન જેવી વ્યક્તિના પ્રવાસ અંગે લોકોમાં વિશેષ રસ જોવા મળે છે. આરટીઆઈ આવેદન દ્વારા હંમેશા આ પ્રવાસ વિશે માહિતી મંગાવવામાં આવે છે.

ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલે પોતાના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન વિદેશી પ્રવાસ પાછળ ૨૨૩ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. મનમોહનસિંહની પ્રવાસ સંબંધી યાદી દ્વારા જાણવા મળે છે કે ૨૦૧૨માં તેઓ જી-૨૦ શિખર સંમેલન માટે મેક્સિકો તથા રિયોપ્લસ ૨૦ શિખર સંમેલન માટે બ્રાઝિલ ગયા હતા. તેમના આ ૭ દિવસના પ્રવાસ પાછળ સૌથી વધુ ૨૬.૯૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયોહતો.

૨૦૧૦ના વર્ષમાં સિંહ પરમાણુ સુરક્ષા સંમેલન બ્રિક (બીઆરઆઈસી) સંમેલન અને આઈબીએસએ સંમેલનમાં ભાગ લેવા માટે અમેરિકાના વોશિંગ્ટન ડીસી અને બ્રાઝીલ ગયા હતા. આ વિમાન પ્રવાસ પાછળ ૨૨.૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો.

## એફઆઈઆર નહીં નોંધનાર પોલીસે જેલની હવા ખાવી પડશે

નવીદિલ્હી,તા.૯

પ્રાથમિકી (એફઆઈઆર) નોંધવાનો ઈન્કાર કરનાર પોલીસ કર્મચારીઓએ હવે જેલની હવા ખાવી પડશે. કેન્દ્રએ તમામ રાજ્યને કડક આદેશ આપીને જણાવ્યુંછે કે જો કોઈપણ પોલીસ અધિકારી કોઈપણ નાગરીકની ફરિયાદ નોંધવાનો ઈન્કાર કરે તો તેની વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે. ગૃહમંત્રાલયે રાજ્યો અને સંઘશાસિત ક્ષેત્રોને જણાવ્યું છે કે તેઓ તમામ પોલીસ સ્ટેશનને સ્પષ્ટ આદેશ આપે કે કોઈપણ શંકાસ્પદ ગુના વિશે સૂચના મળ્યાબાદ જો એફઆઈઆર નોંધવામાં નહીં આવે તો ભારતીય દંડ સંહિતાની કમલ ૧૬૬ એ હેઠળ ડ્યુટી પોલીસ અધિકારી સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યવાહી હેઠળ એક વર્ષની જેલની સજાની જોગવાઈ છે.

મંત્રાલયે પોતાના નવા આદેશમાં રાજ્યો અને સંઘશાસિત ક્ષેત્રોને જણાવ્યું છે કે પોલીસ કર્મચારીઓએ ફરિયાદ પર કાર્યવાહી કરવાની દષ્ટીએ સંવેદનશીલ હોવુ જોઈએ. ભલે પછી ફરિયાદ કરનાર કોઈ પુરૂષ હોય કે સ્ત્રી. ફરીયાદ બાદ આરોપીની તાત્કાલિક ધરપકડ કરવી જોઈએ.

એવો આરોપ છે કે ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨એ દિલ્હીમાં થયેલી ગેંગરેપની ઘટનામાં પોલીસ અધિકાર ક્ષેત્રનાં મુદ્દે એફઆઈઆર નોંધવામાં દુવિધામાં હતી. માર્ચમાં પુર્વ દિલ્હીમાં પાંચ વર્ષની એક બાળકી ઉપર બળાત્કાર કરવાના મામલે પોલીસ પર શરૂઆતમાં એફઆઈઆર નહીં નોંધવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

ગૃહમંત્રાલયે જણાવ્યું છે કે જો એફઆઈઆર નોંધ્યા બાદ તપાસમાં એમ જાણવા મળે કે કેસ બીજા પોલીસ સ્ટેશનનાં વિસ્તારનો છે તો એફઆઈઆર યોગ્ય રીતે સંબંધીત પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરી દેવી જોઈએ.

## NCTCની રચના માટે વિધેયક લાવવાનો ઈરાદો નથી : શિન્દે

નવીદિલ્હી,તા.૯

એનસીટીસીનો પ્રસ્તાવ અભરાઈએ મુકી દેવામાં આવ્યો હોય એમ લાગે છે. કારણ કે સરકારે સ્પષ્ટતા કરી દીધી છે કે રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી કેન્દ્ર (એનસીટીસી)ની રચના માટે તેમનો સંસદમાં વિધેયક લાવવાનો કોઈ ઈરાદો નથી. બીનકોંગ્રેસ શાસીત રાજ્યોના મુખ્યમંત્રીઓએ એનસીટીસીનો જોરદાર વિરોધ કર્યો છે.



ગૃહમંત્રી સુશીલકુમાર શિન્દેએ જણાવ્યું હતું કે, તેમનું મંત્રાલય એનસીટીસી પર વ્યાપક ચર્ચા કરવાના ઉદ્દેશે સંસદમાં ખરડો લાવવાના વિકલ્પ અંગે વિચારણા કરી રહ્યું છે. એનસીટીસીની રચના માટે વિધેયક લાવવાની શક્યતા અંગે પુછતા શિન્દેએ જણાવ્યું હતું કે અમારો આવો કોઈ પ્રસ્તાવ નથી. શું સરકાર એનસીટીસીની રચના કરવા માટે આદેશ જારી કરવાની યોજના બનાવી રહી છે ? તેમ પુછતાં શિન્દેએ જણાવ્યુંહતુંકે હાલ આ વિષય અંગે અમે કંઈપણ કાર્ય કરતા નથી.

અમે મુખ્યમંત્રીઓ સમક્ષ પ્રસ્તાવ મુક્યોહતો. પરંતુ તે પ્રસ્તાવનો કેટલાક મુખ્યમંત્રીઓએ જોરદાર વિરોધ કર્યો હતો.

એનસીટીસીનો વિરોધ કરનારા મુખ્યમંત્રીઓમાં પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી બિહારનાં નિતિશકુમાર, તામિલનાડુનાં જે. જયલલીતા, ગુજરાતનાં નરેન્દ્ર મોદી, છત્તીસગઢના રમણસિંહ, મધ્યપ્રદેશનાં શિવરાજસિંહ ચૌહાણ, અને પંજાબના નાયબ મુખ્યમંત્રી સુખબીરસિંહ બાદલનો સમાવેશ થાય છે. કોંગ્રેસ શાસિત કેટલાક રાજ્યોનાં મુખ્યમંત્રીઓમાં મહારાષ્ટ્રના પૃથ્વીરાજ ચૌહાણ, કર્ણાટકના સિદ્ધરમૈયા અને આસામના તરુણ ગોગાઈએ એનસીટીસીનાં સંશોધીત પ્રસ્તાવ પર પણ વાંધો ઉઠાવ્યો છે.

આ દરમિયાન સૂત્રોએ જણાવ્યું હતું કે બુધવારે આંતરિક સુરક્ષા અંગેના મુખ્યમંત્રીનાં સંમેલનમાં શિન્દેએ પોતાની સમાપન ટિપ્પણીમાં જણાવ્યું હતું કે સંપુર્ણ સહમતી સધાયા બાદ જ એનસીટીસીની રચના પર કોઈ નિર્ણય કરવામાં આવશે.

## ૧૧ કંપનીઓને નોટિસ ફટકારતું કોલસા મંત્રાલય

નવીદિલ્હી,તા.૯

કોલસા મંત્રાલયે તાજતેરમાં એનટીપીસી, મોનેટ, ઈસ્પાત, જેએસપીએલ અને જીવીકે પાવર સહિત ૧૧ કોલસા કંપનીઓને ફાળવવામાં આવેલી ખાણની નિકાસ નહીં કરવા બદલ કારણદર્શક નોટિસ ફટકારી છે અને ઉત્પાદનમાં વિલંબ કરવા બદલ નિષ્ફળ જવા માટેનો ખુલાસો માંગ્યો છે. ખુલાસો આપવામાં નિષ્ફળ જશે તો ફાળવવામાં આવેલી ખાણો પાછી ખેંચી લેવામાં આવશે.

કોલસા મંત્રાલયે ૧૧ કંપનીઓને ફાળવેલી કારણદર્શક નોટિસમાં જણાવ્યું હતું કે, કોલસાની ખાણોને વિકસાવવામાં શા માટે વિલંબ થયો ? તે આ નોટિસ આપ્યાના ૨૦ દિવસમાં જવાબ આપવાનો રહેશે, તેને ફાળવણીની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કરાયું છે તેમ ગણાશે નહીં પરંતુ તેમાં નિષ્ફળ જનારની સામે બિનફાળવણીના પગલા લેવામાં આવશે. સરકારની ફાળવણી કરવામાં આવેલાં કોલબ્લોક ઉત્પાદન સિવાય ન રહી જાય તેની ખાતરી કરવાની છે. ગત વર્ષે કેગે મહિનામાં અરજી સિવાય ખાનગી કોલ બ્લોક કંપનીઓને ફાળવણી રૂપિયા ૧.૮૬ લાખ કરોડ થવાનો અંદાજ છે. સ્વવપરાશ કોલબ્લોક ફાળવણીનાં મુદ્દાએ રાજકીય સ્વરૂપ લીધું છે. સીબીઆઈ પણ આ બાબતની તપાસ કરી રહી છે. કેપ્ટિવ કોલ બ્લોક ફાળવણીનાં મુદ્દાએ હવે રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. પાછલા વર્ષ દરમિયાન આ પ્રકારની કવાયત હાથ ધરવામાં આવી હતી જેમાં સરકારે ૫૮ કોલસાનાં બ્લોકનાં ફાળવણીકારોને કારણદર્શક નોટિસ ફટકારી હતી અને કેટલાંય ડેવલ્પર્સ બ્લોકની ફાળવણી રદ કરી હતી.

## ઝિયાએ લખેલી સુસાઇડ નોટ પોલીસને સુપરત કરાઇ

મુંબઈ,તા.૯

પોતાના ફ્લેટમાં ફાંસી ખાઈને આત્મહત્યા કરી લેનાર ઝિયા ખાનનાં મૃત્યુ પછી ક્રમશઃ ઘણી વાતો ધીરે ધીરે બહાર આવી રહી છે.

ઝિયા ખાનનાં પરિવારનાં જણાવ્યાં અનુસાર ઝિયા ખાનનો સુસાઈડ લેટર તેમને મળ્યો છે. ઝિયાનો પરિવાર આ સુસાઈડ લેટર પોલીસ સોંપશે. પરિવારના જણાવ્યા અનુસાર છ પાનાનો આ સુસાઈડ લેટર છે. તેમાં તેણે સ્પષ્ટપણે પ્રેમમાં મળેલા દગાને આત્મહત્યાનું કારણ જણાવ્યું છે.

ઝિયાની માતાએ પોલીસને જણાવ્યું હતું કે ઝિયા એક દિવસ પહેલા જ હૈદરાબાદથી પાછી ફરી હતી. ફિલ્મમાં ઓડિશન માટે તે સિલેક્ટ ન થતાં તે ડિપ્રેશનમાં હતી. ઝિયાને અંતિમ વખતે તેનાં કાકાનાં દિકરાએ જોઈ હતી. ઝિયા ખાન



જુહૂમાં સાગર સંગીત નામની બિલ્ડીંગમાં પહેલા માળે પોતાની માતા સાથે રહેતી હતી. તેણે જ્યારે આત્મહત્યા કરી તે રાત્રે લગભગ ૧૦.૪૫ વાગ્યા હશે. ઝિયા એકલી જ ફ્લેટ ઉપર હતી. જીવનની એક કમજોર ક્ષણે તેને ઘણી એકલતાનો અહેસાસ કર્યો અને તેમાં તેની સ્થિતિ ઘણી નિસહાય અનુભવી અને જીવનનો અંત આણી દીધો.

ઝિયાના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર તે છેલ્લા કેટલાક સમયથી ટેન્શનમાં હતી. એક્ટિંગમાં પુનરાગમન કરવાના પ્રયાસો કરી રહી હતી. પોતાના પ્રોજેક્ટને લઈને ફિલ્મ નિર્માતાઓ સાથે મિટિંગ પણ કરી હતી. ૨૩મી મેએ તેણે છેલ્લી વાર ટ્વિટર ઉપર ટ્વિટ કર્યું હતું. તેમાં લખ્યું હતું કે માફ કરશો, થોડો સમય હું ટ્વિટર ઉપર મળી શકીશ નહીં. થોડો સમય બ્રેક લઈ રહી છું. કોને ખબર તેના આ શબ્દો ઈશ્વર થકી જ લખાયા હોય ? ઝિયાને નફિસા ખાન સ્વરૂપે ઓળખવામાં આવતી હતી. તેનો ઉછેર ઈંગ્લેન્ડમાં થયો હતો. ત્યારબાદ તે ભારતના બોલીવુડમાં નસીબ અજમાવવા આવી હતી. તેની શરૂઆત સારી રહી હતી પરંતુ ત્રણ ફિલ્મને બાદ કરતા પાછળથી તેણે ઘણી બેકારીનો અનુભવ કરવો પડ્યો હતો. ઝિયા એક અત્યંત નિર્દોષ અને સાફ દીલ યુવતી હતી. જીન્દગીને તે પોતાની પરીકલ્પનાઓ અનુસાર જોતી હતી. પોલીસને સુપરત કરાયેલ સુસાઈડ નોટમાંથી સત્ય બહાર આવે છે કે દબાવી દેવામાં આવે છે તે તો આગામી સમય જ જણાવશે.

## છત્તિસગઢ કોંગીમાં હાલ વિભાજનની પરિસ્થિતી

રાયપુર,તા. ૯

છત્તિસગઢ કોંગ્રેસમાં પણ હાલ વિભાજનની સ્થિતી દેખાઈ રહી છે. તાજેતરમાં જ છત્તિસગઢમાં કોંગ્રેસના કાફલા પર માઓવાદીઓ દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ કેટલાક કોંગ્રેસી નેતા પર આંગળી ઉઠી રહી છે. આવી સ્થિતીમાં કોંગ્રેસની અંદર ભારે ખેંચતાણ છે. છત્તિસગઢમાં નક્સલવાદી હુમલા બાદ સત્તામા વાપસીની રાહ જોઈ રહેલી કોંગ્રેસમાં સ્થિતી વિખવાદવાળી છે. હાલમાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અજિત જોગી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહ આમને આમને આવી ગયા છે. પાર્ટીના મહાસચિવ સિંહની રાજ્યમાં ઝડપથી તાકાત વધી રહી છે. તેઓરાજ્યમાં પોતાને મજબુતી સાથે રજૂ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં અજિત જોગીએ તેમનો વિરોધ કર્યો છે. જોગીએ વિરોધ કરતા હવે ખેંચતાણ સપાટી પર આવી ગઈ છે.

રાજ્યમાં લાંબા સમયથી જુથવાદની સ્થિતી ચાલી રહી છે. હાલમા કરવામાં આવેલા નક્સલવાદી હુમલામાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ નંદ કુમાર પટેલના મોત અને તેમની જગ્યાએ કેન્દ્રિય રાજ્યપ્રદાન ચરણદાસની નિમણૂકથી ખેંચતાણ વધારે તીવ્ર બની ગઈ છે. પક્ષના સુત્રોએ કહ્યું છે કે બન્ને જુથના લોકો એકબીજાને અપમાનિત કરવાના પ્રયાસો કરી રહ્યા છે. આ ખેંચતાણના કારણે કોંગ્રેસ હાઈ કમાન્ડની પણ ઉંઘ હરામ થઈ ગઈ છે. અજિત જોગી અને દિગ્વિજય સિંહ વચ્ચે એવા સમયમાં ખેંચતાણ શરૂ થઈ છે જ્યારે ચૂંટણી આડે વધારે દિવસો રહ્યા નથી. છત્તિસગઢમાં હુમલા બાદ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આક્ષેપબાજી પણ વધારે તીવ્ર બની છે.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણાની જરૂર હોય છે કારણ કે, તેઓ બાળપણમાંથી પસાર થઈને આસાપાસના પર્યાવરણ, ઘરના અને બહારના વાતાવરણ સંબંધો, આત્મીયતા, નિકટતા તેમજ ઉપેક્ષાઓ બાબત સભાન બનતા હોય છે. જિજ્ઞાસાવૃત્તિ ધરાવતા મન પ્રતિભા મેળવવા, દૃષ્ટિ બહારના વિશ્વના બનાવો જાણવાના, તેનું આકલન કરવાના તેમજ તેનું વર્ગીરણ કરવાના પ્રયાસ કરતા હોય છે. દિલ્હીમાં એક યુવતી પર છ યુવાનો દ્વારા બળાત્કારના બનાવના વિરોધમાં હજારો યુવાનો યુવતીઓ વિરોધ પ્રદર્શિત કરવા રસ્તા પર આવી ગયા. સમગ્ર દેશમાં તેના ઘેરા પ્રતિસાદ પડ્યા. આવી સ્થિતિમાં જિજ્ઞાસુઓ બળાત્કારનો ગુનો અને જનાક્રોશ વચ્ચેની કડી શોધવા પ્રયાસ કરવાના તેમના મનમાં અનેક સવાલો જાગવાના એમની શંકાનું નિરાકરણ શોધવા તેઓ ઘરના વડીલો પાસે જવાની હિંમત નહીં કરી શકે.

આ સંજોગોમાં એમની નજર અધ્યાપક તરફ વળે, પરંતુ અધ્યાપક એ જવાબદારી લેવા તૈયાર જણાય નહીં તો તેઓ અખબારો તરફ વળવાના અખબારો તેમને માહિતી આપવાના પણ આ માહિતીનો સમન્વય કરીને સ્થિતિને કેવી રીતે સમજવી જોઈએ એની માહિતી અખબારો નહીં આપે. વ્યક્તિત્વના વિકાસ માટે અધ્યાપકની જ આવશ્યકતા રહે છે. કારણ કે, સમન્વય બનાવવા માટે યોગ્ય વ્યૂહોની જરૂરિયાત રહેવાની તેથી વિચારોને યોગ્ય દિશામાં વાળવાની સમજ વિદ્યાર્થીઓને આપી શકાય. વિવિધ વ્યવસાયોમાં પણ આવી સમન્વયની વ્યૂહરચના અપનાવવી પડે છે.

## આલિયાની ફિલ્મ ૧૩મી ડિસેમ્બરના દિને રજૂ થશે

મુંબઈ, તા.૯

મહેશ ભટ્ટની પુત્રી આલિયા ભટ્ટ દ્વારા અભિનિત અને ઈમ્તિયાઝ અલીની ફિલ્મ હાઈવે ૧૩મી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં પ્રથમ લુક જારી કરી દેવામાં આવ્યા છે. ફિલ્મમાં તેની સાથે રણદીપ હુડાની મુખ્ય ભૂમિકા છે. સાજિદ નડિયાદવાળા વિશ્વભરમાં આ ફિલ્મને રજૂ કરવા ઉત્સાહિત છે. એ આર રહેમાન દ્વારા ફિલ્મમાં સંગીત આપવામાં આવ્યું છે. દિલ્હીથી લઈને રાજસ્થાન, હરિયાણાથી લઈને હિમાચલ, પંજાબથી લઈને કાશ્મીર સુધી છ રાજ્યોમાં તેમનું શૂટિંગ થયું છે. જબ ભી મેટ, લવ આજ કલ અને રોક સ્ટાર જેવી ફિલ્મો માટે જાણીતા અલી હાઈવે પ્રોજેક્ટને લઈને પણ ખૂબ ઉત્સુક છે.

## સલમાનની અરજી પર આજે મહત્વનો ચૂકાદો જાહેર થશે

મુંબઈ,તા. ૯

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર ૨૦૦૨માં હીટ એન્ડ રન કેસમાં તેની રી ટ્રાયલ માટે મેજિસ્ટ્રેટના આદેશ સામે હાલના સુપરસ્ટાર અભિનેતા સલમાન ખાન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર મુંબઈની સેશન્સ કોર્ટ આવતીકાલે સુનાવણી હાથ ધરશે અને તેનો ચુકાદો આપશે. સેશન્સ કોર્ટના જજ યુડી હૈજીબ દ્વારા એક મહિના અગાઉ બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આ અરજી અંગે નિર્ણય કરવા ૧૦મી જૂનની તારીખ નક્કી કરી હતી. હત્યા તરફ નહીં દોરી જનાર આરોપો સલમાન ખાન સામે મૂકવામાં આવ્યા છે. અદાલતના ચુકાદા પર સલમાન ખાનના કરોડો ચાહકોની પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સલમાન ખાન સામે જે કલમો લાગુ કરવામાં આવી છે તે કલમો હેઠળ જો દોષિત જાહેર થાય તો ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે છે. સલમાન ખાન સામે અગાઉ ઓછા ચાર્જ હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો. આ કેસમાં નવો વળાંક આવી ચુક્યો છે કારણ કે ૧૭ સાક્ષીઓની ચકાસણી કરવામાં આવ્યા બાદ મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટે ૪૭ વર્ષિય અભિનેતા સામે વધુ કઠોર આરોપો લાગુ કર્યા હતા સાથે સાથે આ મામલાને રી-ટ્રાયલ માટે સેશન્સ કોર્ટમાં મોકલી દીધો હતો. ખાનના વકીલે અપીલ અંગે લેખિતમાં રજુઆતો કરી હતી અને મૌખિક દલીલો પર પણ સુનાવણી ચલાવી હતી. ખાનની અરજીનો વિરોધ કરતા પબ્લિક પ્રોસિક્યુટરે કહ્યુ હતુકે મેજિસ્ટ્રેટે યોગ્યરીતે જ સલમાન સામે વધુ ગંભીર પ્રકારના આરોપો લાગુ કર્યા છે કારણ કે સલમાને ગંભીર ગુનો કર્યો છે. અભિનેતાની સુરક્ષા માટે ગોઠવવામાં આવેલા પોલીસ બોડીગાર્ડ અને તેની સાથે રહેલા અન્ય એક સાથીએ અકસ્માત વખતે સાવધાની રાખવા તેને કહ્યુ હતુકે આડેધડ ડ્રાઈવિંગ ન કરવા પણ કહ્યુ હતુ. પ્રોસિક્યુટરે એવી રજુઆત કરી છે કે સલમાન ખાન એ વખતે નશામાં હતો અને તેના બ્લડ સેમ્પલમાં ૬૦ એમજી આલ્કોહોલની માત્રા જાણવા મળી હતી જે પરવાનગીની મર્યાદા કરતા વધારે છે. સંજય દત્ત જેલ ભેગો થયા બાદ સલમાનના કેસ પર પણ તમામની નજર છે.

## ગોલ્ડ કોઈન સામે કો.ઓ. બેંકો પર નિયંત્રણ મૂકાયું

રિઝર્વ બેંકે સોના સામેનાં લાભને લગતા નિયંત્રણોને કો. ઓપરેટીવ બેંકો સુધી વિસ્તાર્યા છે. મધ્યસ્થ બેંકના આ પગલાંનો ઉદ્દેશ્ય સોનાની માંગને નિયંત્રિત કરવાનો છે. એક જાહેરનામામાં રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે, બેંકો દ્વારા ગોલ્ડ કોઈન વેચાણ સાથેનાં લાભો થઈ રહ્યા છે. બેંકો,રાજ્ય, કેન્દ્ર અને કોઓપેરટીવ બેંકો દ્વારા ગોલ્ડ કોઈનની સુરક્ષાને લઈ ખાસ વ્યવસ્થા છે. ગ્રાહક દીઠ ૫૦ ગ્રામથી વધારે ન હોવો જોઈએ. કોઈપણ ગ્રાહકને લોનનું પ્રમાણ સોનાનાં દાગીના, સોનાની જ્વેલરી અને ગોલ્ડકોઈન (૫૦ ગ્રામ વજન)ને લઈ બોર્ડની મંજુરીની મર્યાદા ધરાવે છે. અગાઉ વાણિજ્ય બેંકોને લઈ નિયંત્રણ સમાન છે. સરકાર દ્વારા તાજેતરમાં સોના પરની આયાત-જકાત ૬ ટકાથી વધારી ૮ ટકા કરવામાં આવી હતી ત્યારબાદ આરબીઆઈએ આ પગલું ભર્યુ છે. મધ્યસ્થ બેંકોએ સોનાનું વેચાણ નહીં કરવાની સલાહ આપી છે તેમ ચિદમ્બમરમે જણાવ્યું હતું. આરબીઆઈએ બેંકો દ્વારા સોનાની આયાતને લઈ નિયંત્રણો લાદી દીધા છે.

## આયાતી સામાનનાં નિયમો હળવા કરતી કેન્દ્ર સરકાર

નિકાસને પ્રોત્સાહન આપવા સરકારે ભારતમાં રૂપિયામાં આવક થઈ હોય તેવા દેશોમાં ૧૫ ટકા મૂલ્યવૃદ્ધિ સાથે આયાતી સામાનની નિકાસ માટે સરકારે મંજુરી આપી દીધી છે. વિદેશ વ્યાપાર મહાનિર્દેશક દેશોની યાદી જાહેર કરશે જેમાં નવા નિયમો હેઠળ નિકાસ કરી શકશે, તેમાં ઉલ્લેખ કરાયો હતો કે, નિકાસ-વેચાણની આવક રૂપિયામાં સાંપડતી હોય ત્યાં મુક્ત કન્વર્ટેબલ ચલણમાં ચૂકવવાની સામે આયાતી સામાનની નિકાસની મંજુરી આપવા માટે આ જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રકારની જોગવાઈ એવા દેશોનાં સંદર્ભમાં લાગુ પડશે જેનો ઉલ્લેખ ડીજીએક્ટિ દ્વારા સમયાંતરે કરવામાં આવશે. તેમને ૧૫ ટકા મૂલ્યવૃદ્ધિ હાંસલ કરવાની હોય છે.